## ૫૧ અનેક ગુણમોતીની માળા સમા સૂરિદેવ

- પૂ. સા.શ્રી દિવ્યાશ્રીજી મ.

ગુરુદેવનાં સંસ્મરણોની યાદ અંતરમાં વહેતી રહે છે અને મહેંકતી રહે છે.

પૂ. આચાર્ય ભગવંતના ગુણોનું વર્ણન શે થાય?

અતિ પ્રભાવશાળી વ્યક્તિત્વ, સત્યનિષ્ઠા, સાત્ત્વિકતા, ઉદારતા, વિશાળતા, ઉમદાવૃત્તિ, સહિષ્ણુતા, સત્યમાર્ગદર્શિતા, સહાનુભૂતિ, કાર્યકુશલતા આદિનું વર્ણન કેમ કરી શકાય?

છતાં દીક્ષા-વડીદીક્ષા-ચોમાસું-પ્રતિષ્ઠામહોત્સવો ને ઉપધાન વગેરેમાં નિશ્રાદાતા તરીકે તેઓશ્રીનો જ્યારે જ્યારે યોગ થયો ત્યારે ત્યારે એમના પ્રભાવ-સ્વભાવનો અને ગુણવૈભવનો વિશેષ પરિચય થતો. અમને અલગ અલગ વર્ષોમાં પૂજ્યશ્રીની નિશ્રામાં ત્રણ વાર ચાતુર્માસ કરવાનો અવસર મળ્યો. તેમાં અમારા સાધ્વીજીઓને સંસ્કૃત અભ્યાસ કરાવવા પૂજ્યશ્રીને વિનંતિ કરી ત્યારે પુષ્કળ જવાબદારી હોવા છતાં તેઓશ્રીએ અભ્યાસ કરવાનો સમય ફાળવી અમારો જ્ઞાનાભ્યાસ ચાલુ રાખ્યો હતો. કાયાને કેટલું કષ્ટ પડે છે એની પરવાહ તેઓએ ક્યારે ય રાખી નથી.

એક વારનો પ્રસંગ. પૂ. ધર્મસૂરીશ્વરજી મ.સા.ના કાળધર્મ બાદ ઘાટકોપર સાંઘાણી સ્ટેટમાં પૂજ્ય ગુરુદેવનું ચોમાસું હતું. અમે નવ ઠાણા સાથે હતા. ચાતુર્માસપ્રવેશનું મંગલાચરણ થવાની તૈયારી હતી ત્યાં પૂજ્યશ્રીના નયનમાંથી અચાનક અનરાધાર અશ્રુઓ સરી પડ્યાં. તેઓશ્રીએ કહ્યું કે આજે ૩૮ વર્ષો બાદ આ મોટા સંઘમાં ગુરુ વિહોણું ચાતુર્માસ કરવાનો અવસર આવ્યો છે. એટલે ગુરુદેવની સ્મૃતિમાં મન ભરાઇ જાય છે. આ દૃશ્ય પ્રત્યક્ષ નિહાળ્યું ત્યારે લાગ્યું કે ગુરુનું સ્થાન તેઓશ્રીનાં હૃદયમાં કેવું અદ્ભુત છે!!

વ્યક્તિ નાની હોય કે મોટી. તેઓશ્રી સૌની આત્મિક કાળજી કરતા. આશ્રિતોની તો તેઓ શારીરિક દરકાર પણ રાખતા. એ ચાતુર્માસમાં એક વાર એક શ્રમણીભગવંતની છઠ્ઠા ઉપવાસે તબિયત બગડી. આ સમાચાર મળતાજ ગુરુદેવ તુરત ત્યાં આવ્યા. દ્રવ્યોપચાર-ભાવોપચાર કરાવ્યા. શ્રમણીભગવંત પુનઃ સ્વસ્થ થયા પછી જ તેઓ ઉપાશ્રયમાં પધાર્યા. એ દિવસે આ જ કારણથી તેઓશ્રીએ સાંજની ગોચરી પણ ન વાપરી. આવી કાળજી કરનારા ગુરુદેવ ક્યાં મળે?

એક વખત ચોમાસું કાંદિવલી હતું અને પૂજ્યશ્રીની નિશ્રા મળી. મુનિસુવ્રતદાદાની પાવન છાયામાં શ્રમણીઓને વિશિષ્ટ તપ કરવાની ઇચ્છા થઇ. પ્રવેશ થયા બાદ બે શ્રમણી ભગવંતોએ માસક્ષમણની આરાધના ચાલુ કરી. પૂજ્યશ્રી વારે તહેવારે તેમનું ધ્યાન રાખી સુખશાતા પૂછતા રહેતા. બસ એ જ શાતાના મીઠા સ્વરે સાધ્વીજીઓનો તપ પરિપૂર્ણ કરાવ્યો અને પારણું પણ ખૂબ ઉલ્લાસથી થયું.

પૂજ્યશ્રીમાં ઘણા ઘણા ગુણોના મોતીઓની માળા ગુંથાયેલી હતી. એમાંથી એકાદ નાનો ગુણ પણ એમની કૃપા થકી મળે તો અમારો બેડો પાર થઇ જાય. આવા ગુરુદેવના મહાન ઉપકારોનાં ઋણને કેવી રીતે ચૂકવી શકીએ? બસ, તેમનાં ચરણોમાં વંદન કરીને તેમના જેવા બનવાનો પ્રયત્ન કરીશું. ✦✦✦

## ૫૨ ઝળહળતાં સૂર્ય જેવા તેજસ્વી પૂજ્યશ્રી...

- પૂ. સા. શ્રી પૂર્ણકલાશ્રીજી મ.

પૂજ્યપાદ પ્રખર વિદ્વાન પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. એમનાં નામ મુજબ જ ઝળહળતા સૂર્ય જેવા તેજસ્વી હતા. અમારા સ્વ. વડીલ ગુરુણી પૂ. પ્રવર્તિની સા. શ્રી કુસુમશ્રીજીમ.ના સમસ્ત પરિવાર સાથે તેઓશ્રીને ખૂબ આત્મીય સંબંધ હતા. એમના સાંસારિક બેન પૂ. પ્રવર્તિની સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ. પણ પૂ. કુસુમશ્રીજી મ.ના પરિવારમાં અને અમે પણ પૂ. કુસુમશ્રીજી મ.ના પરિવારમાં. આથી અમારો સંપર્ક પૂજ્યશ્રી સાથે ઘણા દીર્ઘ સમયથી. વર્ષો નહિ, દાયકાઓ પૂર્વેથી અમે તેઓશ્રીને પૂજ્યપાદ યુગદિવાકર શાસનજ્યોતિર્ધર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજાની છત્રછાયામાં અભ્યાસ કરતા અને શાસનકાર્યો કરતા જોતા આવ્યા હતા. ત્યારે એમની બે-ત્રણ વિશેષતા ખાસ નજરે દેખાતી. (૧) એમની યાદશક્તિ ખૂબ પ્રબળ હતી. અભ્યાસમાં તો એ યાદશક્તિ ઝળકતી હતી જ. પણ દરેક વાતો, સાધુ-સાધ્વીજીની દીક્ષાઓ, પ્રતિષ્ઠાઓની સાલ-તિથિ વગેરે બધું એમને બરાબર આંકડાઓ સાથે યાદ રહેતું. (૨) કોઇ પણ શાસનકાર્યો કરવામાં એમની સુઝ-આવડત અને મહેનત જબરજસ્ત હતી. એટલે જ કાયમ પૂ. ધર્મસૂરીશ્વરજી મ.સા.ની સાથે રહીને બધા શાસનકાર્યો દીપાવતા-સંભાળતા હતા. (૩) એમની હિંમત-નીડરતા પણ ઘણી હતી. સિંહ જેવો પ્રતાપી ચહેરો હતો અને સિંહ જેવો જ નીડર સ્વભાવ હતો.

પ્રારંભે દાયકાઓ સુધી કરેલી પૂ. ધર્મસૂરીશ્વરજી મ.સા.ની સેવા ફળી હોય તેમ

પછીથી એમનો શિષ્યપરિવાર ખૂબ સારો વૃદ્ધિ પામ્યો. એમના હસ્તે ઘણાં ઘણાં મોટા શાસનપ્રભાવનાના કાર્યો થયાં. એમાં પણ દર્ભાવતીતીર્થોદ્ધાર તથા ધર્મધામ-નાગેશ્વર પાર્શ્વનાથતીર્થનું સર્જન ખાસાં મોટાં અને યશસ્વી કાર્યો હતાં. એમના હસ્તે આ બધા કાર્યો શાસનપ્રભાવનાઓ જેમ સરસ થતાં હતાં એમ એમનામાં સમુદાયના સાધુ-સાધ્વીજી માટેની લાગણી-વાત્સલ્ય પણ સરસ હતું. વિ.સં. ૨૦૫૯માં ઘાટકોપર જગડૂશાનગર સંઘમાં એમનાં હસ્તે મોટો અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ થયો તે સમયે અમારા પરિવાર માટે તેમણે જે વાત્સલ્યપૂર્વક મોટું કાર્ય પાર પાડ્યું હતું તેમાં એમની સમુદાયની લાગણીનો અમને અદ્‌ભુત અનુભવ થયો હતો. તેમનાં ઝળહળતાં જીવનની જેમ એમનો કાલધર્મ પણ ઝળહળતો થયો. આટલી મોટી પાલખીયાત્રા અને મોટી મોટી ઉછામણીઓ કલ્પના બહારની વાત હતી. પૂજ્યશ્રી જ્યાં પધાર્યા હોય ત્યાં ઉત્તમ આરાધના કરી શાશ્વત સુખ પામે એ જ મંગલ ભાવના.

✦✦✦

## ૫૩ પ્રસન્નતાની જીવંત પ્રતિમા

- પૂ. સા.શ્રી મંજુલાશ્રીજી મ.

ઓ યુગદિવાકર ધર્મસૂરીશ્વરના નંદન
તમને કોટિ કોટિ હો અમ વંદન...

આકાશને જો ફૂટપટ્ટીથી માપી શકાય, સાગરને જો પ્યાલાથી માપી શકાય તો જ કદાચ પૂજ્યશ્રીના અગાધ ગુણોનું વર્ણન કરી શકાય...દર્ભાવતીતીર્થની પુણ્યભૂમિમાં જન્મ પામી તેઓશ્રી તેમનાં મહાન કાર્યોથી સૂર્યની જેમ ચમક્યા. પૂ.આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની કૃપા પામી અજોડ શાસનપ્રભાવક બન્યા...

યુગદિવાકરશ્રીના વરદ હસ્તે મારી દીક્ષા ઘાટકોપર મુકામે સંવત ૨૦૦૮માં થઇ ત્યારથી સતત પૂજ્યશ્રીના પરિચયમાં આજ દિન સુધી અમે રહ્યા. જે સંસ્મરણો કદી ભૂલી શકાય તેમ નથી. આમ તો પત્રથી અવાર-નવાર મળતા રહ્યા, છતાં દીક્ષાતિથિ આવે ત્યારે તો અચૂક વાસક્ષેપ -આશીર્વચનો આવી જ જાય. સાથે શાસન પ્રભાવનાનાં કાર્યો-માહિતીઓ પૂ. રાજરત્નસૂરિ મ.સા.ના લેખો-પુસ્તકો બધું સમયે સમયે આવતું જ જાય. એમના ઉપકારોને યાદ કરતા હૈયું ભરાઇ જાય છે અને આંખો છલકાઇ જાય છે. હવે આ પ્રસન્નમૂર્તિનાં પ્રત્યક્ષ દર્શન ક્યારે સાંપડશે? જ્યારે જ્યારે મળવાનું થયું, ત્યારે ત્યારે મીઠા સંબંધોથી હૈયું તરબતર કરી દીધું... સગા ભાઇ મ.સા. જેવો પ્રેમાળ આદર-સત્કાર કદી ભૂલી શકાશે નહિ. છેલ્લે છેલ્લે ખંભાતમાં પ્રત્યક્ષ મળવાનું થયું હતું.

અજોડ ગુરુસમર્પણના પ્રભાવે પૂજ્યશ્રી અંજનશલાકાઓ-પ્રતિષ્ઠાઓ વિરાટ પદયાત્રા સંઘો, મુંબઇમાં ઠેર ઠેર ઉપાશ્રયો આદિ અનેક નિર્માણકાર્યો કરી પોતાનાં જીવનને યાદગાર બનાવી ગયા છે ત્યારે કહેવાનું મન થઇ જાય કે :

'જબ તક સૂરજ ચાંદ રહેગા, સૂર્યોદયસૂરિજી કા નામ રહેગા.'

ઉપધાનતપ, દીક્ષામહોત્સવ, ઉજમણા, સંઘો, પ્રતિષ્ઠાઓ આદિ કાર્યો કરતા લોકપ્રિયતા પણ એટલી પ્રાપ્ત થઇ જેના પ્રતાપે ૨૯ સ્થળે ગુરુમંદિર નિર્માણ થયા. ૮૪ સ્થળે ભવ્ય ભક્તિમહોત્સવો થયા, જેની ભાવી પેઢી નોંધ લેશે અને ઇતિહાસ લખાશે...

✦✦✦

## ૫૪ મહાત્માની શાલીનતા

- પૂ. સા.શ્રી વાંચયમાશ્રીજી મ.(બેન મ.)

મોટાઇનો ભાર રાખી ચહેરો કડક રાખનાર ઘણા મોટા લોકો હોય છે. પણ પરમ શાસનપ્રભાવક મહાન વિદ્વાન પૂ. આચાર્ય ભગવંત સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. એટલે પ્રસન્ન હાસ્યસભર મુખાકૃતિ ધરાવનારા મોટાઇને ઓગાળી દેનારા મહાત્મા.

દર્શન કરતાં આનંદની અનુભૂતિ થાય અને માન/સન્માનથી પર-સહજ આત્મસ્વભાવમાં લીન લાગે એવા આ મહાત્માનાં ચરણકમલમાં મસ્તક ઝૂકી જાય. દર્શનાર્થી આત્મા બોલી ઊઠે કે મહાત્મા આશીર્વાદ આપો.

મારી ઉંમર ૧૩-૧૪ વર્ષની હતી. વડોદરા-કોઠીપોળમાં અનેક મહાત્મા સાથે પૂજ્યશ્રીનાં દર્શન કર્યા, તે મુખમુદ્રા આજે પણ સામે છે. મુનિશ્રીનો સંયમજીવનનો શૈશવકાળ હતો. બાદમાં તેઓશ્રીના ૨૦૧૬-૨૦૧૭ માં દર્શન કર્યા.

અમારું ઇ.સ. ૨૦૦૦માં બનારસ ચાતુર્માસ હતું. પૂજ્યશ્રી ડભોઇ ચાતુર્માસ હતા. પૂ. ઉપા. યશોવિજયજી મ.સા. અંગે કેટલીક માહિતી તેમજ ગ્રંથ વગેરેની જરૂર હતી. પૂજ્યશ્રી સાથે પત્રવ્યવહાર કર્યો. કોઇ પણ જાતના હિચકિચાટ વગર શીઘ્ર સર્વ માહિતી

મોકલી આપી હતી. આ હતી મહાત્માની સૌજન્યશીલતા.

છેલ્લા ૧૫ વર્ષમાં અનેકવાર દર્શન-વંદનનો લાભ મળ્યો. સહજ વાત્સલ્ય આગમનિષ્ઠા-નિજાનંદની મસ્તી હોય. પુસ્તકની દુનિયામાં મસ્ત હોય. વંદનાર્થે જઈએ ત્યારે આપણા પહેલા તેઓ સુખશાતા પૂછે. શ્રવણ કરનાર અમો સૌને લાગે મહાત્મા વ્યવહારથી નહિ, પણ હૃદયના શુભ ભાવથી સુખશાતા પૂછે છે.

છેલ્લા દર્શન વાલકેશ્વર બાબુ અમીચંદ ઉપાશ્રયમાં કરેલ. અંતરનાં વાત્સલ્યે શાસન પ્રભાવનાની ઘણી વાતો થઈ. મનમાં થયું આટલી જૈફ ઉંમરે પણ આળસ નહિ-પ્રમાદ નહિ અને સતત આત્મિક જાગૃતતા-આરાધનાલીનતા.

એક વાર વર્તમાનપત્ર હાથમાં આવ્યું અને આ મહાત્માની તબિયતનું વાંચ્યું. મન માનવા તૈયાર ન થયું કે આ મહાત્માને બ્રેઇન હેમરેજ કેવી રીતે થાય? શાંત-સ્વસ્થ પ્રસન્ન અને શાસ્ત્રચિંતનમાં લીન. શું પેપરના સમાચાર સાચા?

કર્મનો ભયંકર કેર . દેહ અને આત્માનું યુદ્ધ ચાલ્યું. દેહને અલવિદા કરી, મહાત્માએ મોક્ષની સફરે આગેકૂચ કરી.

ઘણા કહે છે પૂ.આ. દેવ સૂર્યોદયસૂરિજી મ.સા. નથી. હું સૌને કહું છું આ વાત બરાબર નથી. પૂ.આ. દેવરાજરત્ન સૂ. મ.સા.ની અંદર આદર્શરૂપે તેઓ પ્રતિષ્ઠિત છે, રહેશે અને પૂજ્યશ્રીના આદર્શને તેઓ આજીવન વિશ્વવ્યાપી બનાવશે એવી શ્રદ્ધા-આસ્થા છે.

સૂર્ય સમ જીવન તેજસ્વી;
સૂર્ય સમ પ્રકાશપુંજ પ્રસરાવનારા;
સૂર્ય સમ આત્મશક્તિ સ્વરૂપ.

સદા ઉદયી શાસનપ્રભાવક મહાન આ. દેવ સૂર્યોદય સૂ.મ.સા.ના પવિત્ર ચરણ કમલે નત મસ્તકે વંદના. તેઓશ્રીની શાલીનતાની સ્મૃતિ સદૈવ છે અને રહેશે. ✦✦✦

૫૫

# ગુણનિધાન ગુરુદેવ

**-પૂ. સા.શ્રી પ્રિયવંદાશ્રીજી મ. શિષ્યાગણ (પ્રિયશિશુ)**

'ગમે તે સ્વરૂપે, ગમે ત્યાં બિરાજો, ગુરુ મારા વંદન (૨)
ભલે ના નિહાળું નજરથી તમોને, મળે ગુણ તમારા સફળ મારું જીવન...'

લોઢણ પાર્શ્વનાથજીના જ્યાં બેસણાં છે, પ.પૂ. મહોપાધ્યાયજી યશોવિજયજી મ.સા.ની જ્યાં સ્મૃતિ સંગ્રહાયેલી છે, દીક્ષાની ખાણ તરીકે જે ભૂમિ પ્રસિદ્ધ છે એવી દર્ભાવતી નગરીના સુશ્રાવક ચીમનલાલ અને સુશ્રાવિકા મણિબેનનાં ગૃહાંગણે એક દીપ પ્રગટ્યો. જેનું નામ સેવંતીલાલ...

પૂર્વભવના સંસ્કારોથી વાસિત અને સદ્ગુરુના સત્સંગથી ધર્મભાવનાથી સમૃદ્ધ બનેલા સેવંતીલાલે જ્યારે સંયમની ભાવના પરિવારજનો સમક્ષ વ્યક્ત કરી ત્યારે સહુનો વિરોધ હતો અને છતાંય એ વિરોધ એમને રોકી ના શક્યો સંયમ સ્વીકારવા માટે. ૧૬ વર્ષની વયે પ.પૂ.આ. દેવ શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.ના હસ્તકમળ દ્વારા રજોહરણ અર્પણ થયું અને સેવંતીલાલમાંથી મુનિ સૂર્યોદયવિજયનાં નામે પ્રખ્યાત થયા.

પ.પૂ. યુગદિવાકર ગુરુદેવનાં સાંનિધ્યમાં રહી ન્યાય, વ્યાકરણ, સાહિત્યતીર્થ બન્યા. જેવી જ્ઞાનપ્રાપ્તિની લગન એવા જ ગુરુભક્તિમાં મગ્ન બની રહેનારા પૂ. સૂર્યોદયવિજયજી મ.સા., પ.પૂ. શતાવધાની જયાનંદસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે સૂરિપદે આરૂઢ થયા અને જૈનશાસનમાં સૂર્યની જેમ પ્રકાશ્યા.

પૂજ્યશ્રી અનેક ગુણોના ધારક હતા. હૈયાની ઉદારતાનો અનુભવ અનેકવાર થયો છે. જ્યારે પણ કોઈ પણ પ્રસંગમાં નિશ્રા આપવાની વિનંતિ કરી છે ત્યારે વિના વિલંબે તેઓશ્રીએ અમારી વિનંતિને સ્વીકારી છે અને પૂ. આ. રાજરત્નસૂરિજી મ.સા. સાથે પ્રસંગના માહોલને મહેંકતો કર્યો છે.

અમારા શિરછત્ર એવા ગુરુદેવ પૂ. પ્રિયવંદાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના અમૃત મહોત્સવની ઉજવણી ગીતાંજલિ જૈન સંઘમાં હોય કે સા.જ્યોતિપ્રભાશ્રીજી મ.સા.ના સંયમ જીવનની અર્ધશતાબ્દીની ઉજવણી જે.બી.નગર સંઘમાં હોય, પૂજ્યશ્રીની પાવનનિશ્રામાં મહોત્સવને અમે માણ્યો છે. અરે જામલીગલીમાં સા. પીયૂષકલાશ્રીજી-જ્ઞાનકલાશ્રીજી તથા સા. જિતપ્રજ્ઞાશ્રીજીને વર્ષીતપનું પારણું હતું તે પ્રસંગે અચાનક વિનંતિ કરતાં તુર્ત જ સ્વીકારી લીધી અને પૂજ્યશ્રીની નિશ્રામાં પારણું થયું.

સદા ય શાંત સ્વભાવ, પ્રત્યેક પળે પ્રસન્ન મુદ્રા, સ્મિત વેરતું વદન અને તીવ્ર મેધાના માલિક એટલે પૂ. સૂર્યોદયસૂરિજી મ.સા.! જીવનભર હસતાં રહ્યા અને હસતાં હસતાં જ વિદાય લીધી. માત્ર ૧૨ દિવસની ટૂંકી માંદગી. એ પણ બંદગીપૂર્વકની માંદગી અને બસ પરલોકની વાટે પૂ. ગુરુદેવ પ્રયાણ કરી ગયા. ડભોઈના પૂર્વાકાશે ઉદિત થયેલો એ સૂર્ય અંધેરીની અટારીએ અસ્ત થયો.

'દર્ભાવતીમાં જન્મ લઈને, નામ જગમાં કર્યું રોશન,
અંધેરીમાં અસ્ત થઈને, અનંત વાટે કર્યું પ્રયાણ...'

આજે પૂ. સૂરિદેવ સદેહે ભલે આપણી વચ્ચે બિરાજમાન નથી, પણ સ્મૃતિસ્વરૂપે તેઓ સદા આપણી સાથે જ રહેશે...

અંતમાં શાસનદેવને એક પ્રાર્થના કે પૂજ્યશ્રીનો આત્મા જ્યાં પણ હોય ત્યાં તેઓશ્રીની જિનશાસનની આરાધના અવિરત ચાલુ રહે અને અમને આરાધનામાં સહાયક બનતા રહે... એ ગુણનિધાન પૂજ્યશ્રીના ગુણ ખજાનામાંથી એકાદ ગુણરત્નની પ્રાપ્તિ અમને પણ થાઓ એ જ અભ્યર્થના. ✦✦✦

૫૬

# સહન કરે તે સાધુ ...

- પૂ. સા.શ્રી મયૂરકલાશ્રીજી મ.

દરેક વ્યક્તિને જીવનમાં આવતી તકલીફો-દુઃખો-પીડાઓ સહન કરવી જ પડતી હોય છે. પણ એ પીડાઓને દરેક વ્યક્તિ જુદી-જુદી રીતે સહન કરે છે. કોઇક જબરદસ્તીથી સહન કરે છે, તો કોઇક સ્વેચ્છાએ સહન કરે છે. કોઇક રડતા-રડતા સહન કરે છે તો કોઇક પ્રસન્નતાથી. અમારા ભવોદધિતારક પ્રાણપ્યારા ગુરુદેવ પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. સહનશીલતા માટે એક આદર્શ પુરુષ હતા. તેઓ સદા મન-વચન-કાયાની તમામ પ્રતિકૂળતાઓને હસતા-હસતા સહન કરતા. એ તકલીફો ક્યારે પણ એમનાં કાર્યોમાં વિઘ્નરૂપ ન બની શકતી. સહવર્તીઓ, સંઘસભ્યો વગેરે દ્વારા ભલે ને ગમે તેવો વ્યવહાર થાય, પૂજ્યશ્રીનાં મનમાં ક્યારેય કોઇના માટે દુર્ભાવ ઉત્પન્ન ન થાય. કોઇ ગમે તેવા વચનો બોલે, પૂજ્યશ્રી બધું જ સમભાવે સહન કરી લે. એ જ રીતે શારીરિક પ્રતિકૂળતાઓ તો જાણે પૂજ્યશ્રીને કોઇ દર્દ જ ન આપતી હોય એમ એમનાં મુખ પર દુઃખની કે અશાતાની એક આછી લકીર પણ ના હોય. અમે તો પ્રત્યક્ષપણે એક સુંદર પ્રસંગ વર્ષો પહેલા નિહાળ્યો હતોઃ

પ.પૂ. ધર્મસૂરીશ્વરજી મ. વઢવાણનું ચાતુર્માસ-ઉપધાન વગેરે પૂર્ણ કરીને ધ્રાંગધ્રા પધાર્યા. અમે પણ તેમની સાથે હતા. તેમની સ્થિરતા સપરિવાર ઢેબરીયા ગચ્છના ઉપાશ્રયમાં હતી. અમે સવારે તેઓશ્રીને વંદન કરવા ગયા. આપણા પૂજ્યશ્રી ઉપાશ્રયના એક ભાગમાં બેસીને કોઇક લેખનકાર્ય કરી રહ્યા હતા. ક્રમસર વંદન કરતા-કરતા અમે તેમની પાસે આવ્યા અને એવું દશ્ય જોયું કે બે ક્ષણ માટે તો અવાક્ થઇને રહી ગયા! પૂજ્યશ્રીની આંખોમાં લાલાશ હતી-શરીર પણ લાલચોળ અને ધ્રુજારી સ્પષ્ટ દેખાતી હતી. અમે સમજી ગયા કે તેમને શરીરમાં આકરો તાવ હશે. પણ તેઓ તો તેમનાં કાર્યમાં મગ્ન જ હતા. અમે તેમને કહ્યું, ''સાહેબજી! આપના શરીરમાં તો કેટલો તીવ્ર તાવ છે!! આપ આરામ કરવાને બદલે આ બધું શા માટે કરી રહ્યા છો? થોડો સમય કાર્ય બાજુ પર રાખો અને દવા લઇને આરામ કરો.''

સાચું કહું, આ અવસ્થા સુધી અમે તો ક્યારે પહોંચી જ નથી શકતા. અમને તો માત્ર તાવની સંભાવના લાગે તો ય આરામ કરવા લાગીએ. કદાચ અતિ મહત્ત્વનું કાર્ય હોય અને પૂજ્યશ્રીની જેમ કરતા પણ હોઇએ તો ય આવું સૂચન મળતા તો ઢીલા જ પડી જઇએ. પણ એ પરિસ્થિતિ પૂજ્યશ્રીની નહોતી. અમારી વિનંતિને સ્વીકારવાને બદલે તેઓશ્રીએ કહ્યું ''રોગ એ શરીરના મહેમાન છે. શરીર છે તો રોગ આવ્યા જ કરવાના. તમને તો ખબર જ છે ને કે આ મહેમાનશ્રી કેવા છે? એની આગતા-સ્વાગતા કરીએ તો તો એને ખૂબ ગમી જાય. એને તો સુદર્શન જ આપવાનું હોય. એ એનું કામ કરે ને આપણે આપણું કામ કરવાનું. અને રોગ એ કર્મ ખપાવવાનું શ્રેષ્ઠ સાધન છે. સ્વેચ્છાએ જેટલા કષ્ટો સહન કરીએ એટલા કર્મ જલ્દી ખપે, એટલા જલ્દી મોક્ષે જવાય. એટલે આવા અવસર તો ક્યારેય ચૂકવાના નહિ...''

ખરેખર અમે તો પ્રભાવિત થઇ ગયા પૂજ્યશ્રીની આ પરિણતિથી. આજ સુધી સાંભળ્યું હતું કે 'સહન કરે તે સાધુ...' પણ તે દિવસે તો ખરેખર અમને એ નિહાળવા મળ્યું. ત્યારે પૂ. રાજરત્નસૂરિ મ.સા. બાલમુનિ હતા અને સમુદાય ભેગો હતો. એટલે ભક્તિનું કાર્ય પણ ઘણું હોય. એમાં વળી તાવની પીડા હેરાન કરે તો ય પૂજ્યશ્રી સંપૂર્ણ સ્વસ્થતાથી પોતાનાં કાર્યમાં મગ્ન હતા. એ જોઇને અમારી આંખમાં અહોભાવનાં આંસુ આવી ગયા. કેવી અનહદ સહનશીલતા!

જ્ઞાન ગ્રહણ કરનારા તો કદાચ ઘણા હશે. પણ જ્ઞાનનો અવસરે ઉપયોગ કરનારા પૂજ્યશ્રી જેવા જૂજ જ હશે. સાચે જ એ વખતે અમને થયું કે પૂજ્યશ્રીની વય ભલે નાની છે પણ એમની સમજશક્તિ તો એક વડીલ મહાત્માને છાજે એવી જ છે. પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રી સાથે રહીને એમણે જે સંસ્કાર મેળવ્યા તે જીવનના અંત સુધી એમને ટકાવી રાખ્યા. દીર્ઘ સંયમપર્યાયમાં જ્ઞાન, ગંભીરતા, ઉદારતા, સમતા, લાગણી, આચાર, વિચારથી પૂજ્યશ્રી એવું જીવન જીવી ગયા કે વર્ષો સુધી એમના ગુણોની સુવાસ ફેલાતી જ રહેશે. પૂજ્યશ્રી વ્યક્તિ સ્વરૂપે ભલે અમારાથી આજે દૂર છે. પણ ગુણોથી અને સ્મૃતિથી તો સદા અમારી સાથે જ છે.

દુનિયાનો એક અફર નિયમ છે કે જો સૂર્યોદય થયો તો સૂર્યાસ્ત થવાનો જ, તેમ જો જિનશાસનમાં પૂ. યુગદિવાકર સૂરિદેવ 'સૂર્યોદય' ને લાવ્યા તો એક દિવસ 'સૂર્યાસ્ત' થવાનો જ હતો ને થયો. પણ અમને શ્રદ્ધા છે કે એ 'સૂર્યોદયે' અમારા અંતરાત્મામાં જે સદ્‌ભાવનાનો સંચાર કર્યો છે તે ક્રમશઃ વૃદ્ધિ પામતા ચોક્કસ અમને એક દિવસ પરમગતિએ લઇ જશે... બસ આ શ્રદ્ધાના સુમન પૂજ્યશ્રીને અર્પણ કરું છું.

✦✦✦